# પીન લગાડયા વિનાના બંડલ સ્વીકારવા લોકોને આરબીઆઈની અપીલ

**5 જૂન, 2003**

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના 7 નવેમ્બર, 2001 ના આદેશ અનુસાર સ્ટેપલર કર્યા વિનાના નોટોના બંડલ સ્વીકારવા તથા ચૂકવવાની બાબતે ઉભા થતા પ્રશ્નો અને પરેશાનીઓ વિશે 5 જૂન, 2003 ના અમુક પ્રિન્ટ મિડિયાની આવૃત્તિમાં વાંચવા મળ્યું.

આવા સમાચારને કારણે મૂંઝવણી ઊભી થાય. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા સ્પષ્ટતા કરે છે કે નવેમ્બર 2002માં સૂચના અને માર્ગદર્શિકા બહાર પાડવામાં આવ્યા હતા. તેમાં બેંકને નોટ ગણવાના તેમ જ બેન્ડ માટેના મશીન વસાવવા જણાવ્યું હતું. આમ, રિઝર્વ બેંકે જરૂર કરતા વધુ સમય જરૂરી ઇન્ફ્રાસ્ટ્રકચર અને પ્રક્રિયાઓ માટે આપ્યો હતો. નોટ બેંકિંગ મશીન્સ નોટના પેકેટ તથા બંડલને આડી અને સીધી બંને બાજુએથી વ્યવસ્થિત બાંધે છે જેથી તેમાંથી એક પણ નોટ પડી જવી અશકય બને છે. રિઝર્વ બેંક સાથે વહીવટ કરતા દરેક સરકારી વિભાગો જેવા કે રેલવે, પોસ્ટ, કસ્ટમ, રિજીયોનલ પાસપોર્ટ ઓફિસ અને રાજ્ય સરકારના વિભાગો જેવા કે મિલ્ક કમિશ્નર્સ ઓફિસ, ઇન્સ્ટોરન્સીસના રજિસ્ટાર, કોલકાત્તા કલેકટર વગેરે રિઝર્વ બેંક સાથેના આર્થિક વ્યવહારો પીન વિનાના બંડલની શરતે કરે છે.

કોલકાત્તાની રિઝર્વ બેંકની જ પોતાની ઓફિસ પીન વિનાના બંડલની સૂચના અનુસરતી નથી, તે વાતમાં તથ્ય નથી. હકીકતમાં રિઝર્વ બેંકના દરેક આર્થિક વ્યવહારો સ્ટેપલર માર્યા વિનાના પેકેટ / બંડલથી જ થાય છે. જૂની પરંતુ કરી આપી શકાય તેવી નોટોને પણ રિઝર્વ બેંકના કાઉન્ટર્સ પરથી ક્રોસ બેંકિંગ પેકેટસમાં અપાય છે. આ એક મહત્વનું પગલું છે. જે અન્ય લોકો તથા જાહેર ક્ષેત્ર હેઠળના કાર્યાલયો સરકારી વ્યવહારો તથા લોકો સાથેના વહીવટમાં અપનાવેલ.

નોટના બંડલને પીન મારવાનું બંધ કરવાનો નિર્ણય ભારત સરકાર અને આરબીઆઇએ સંયુકત રીતે 1995માં લીધો હતો અને 1996 થી તે અલમમાં ધીમે-ધીમે આવ્યો. આ છતાં કટેલાંક સરકારી ખાતાઓ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાને સ્ટેપલર કરેલા બંડલ આપવાનું કહે છે તે યોગ્ય નથી. બેંકોના ચેરમેને ઘણીવાર બેઠકોમાં આરબીઆઇને કિલન નોટ પોલિસીમાં સહયોગ આપવાની બાંહેધરી આપી છે. એસબીઆઇ તથા અન્ય બેંકોએ આવી જ રીતે આરબીઆઇની જરૂરીયાત એ અમલોને સ્પષ્ટ કરવા જોઇએ.

આરબીઆઇ લોકોને ખાતરી આપે છે કે, નવી સારી ગુણવત્તાની ચલણી નોટો અને સિક્કાઓ દેશભરમાં ઉપલબ્ધ બનશે. 20 કરોડ જેટલી ફાટેલી, ખરાબ થઇ ગયેલી નોટો બજારમાંથી દૂર કરવામાં આવી. આરબીઆઇ નાણાં કરતી શાખાઓ સાથે સતત સંપર્કમાં રહી આપેલ ચાલુ રાખે છે.

કેટલીક સરકારી તથા ખાનગી સંસ્થાઓ જેમ કે, ડબલ્યુબીએસઇબી, સીઇએસસી, બીએસએનએલ વગેરે રજુ પણ સ્ટેપલર મારેલી નોટોનું બંડલ બેંકમાં જમા કરે છે. આ યોગ્ય નથી. બેંકો પાસેથી પીન વિનાના બંડલ જ સ્વીકારવાની અપેક્ષા રાખવામાં આવે છે. સરકારી ખાતાઓ તથા સીઇએસસી (ઊભું-આડું) બેન્ડિંગ અથવા પોલિથીન પાઉચમાં સીલ કરેલા પેકેટનો ઉપયોગ કરેતે જરૂરી છે. આ બાબતે લોકોએ જાગૃત થવાની જરૂર છે. સ્ટેપલર મારવાથી નોટ ખરાબ થાય છે અને તેનું આયુષ્ય ઘટે છે. બેંક પાસે વિકલ્પ છે, તેઓ ખાસ સીલ કરેલા પોલિથિન પાઉચમાં બંડલ પેક કરી શકે છે. સ્ટેપલર વિના બેન્ડિંગ અથવા પોલિથિનમાં સીલ પેકેટમાંથી કોઇપણ વિકલ્પ તે અપનાવી શકે છે.

આરબીઆઈની કિલન નોટ પોલિસી જનતા માટે લાભદાયી છે. ઝડપી સીવીપીએસ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવે છે. પીન વિનાના બંડલ લેવા તથા ચૂકવવામાં વધુ સર રહે છે. ફકત જરૂર છે દરેક સ્તરે વિચારોમાં પરિવર્તન લાવવાની અને સંકલનની.

**અજીત પ્રસાદ**
**પ્રબંધક**

**પ્રેસ રિલીઝ: 2002-2003/1246**